# પૂજાપાઠમાં વપરાતી સોપારી પર પ્રતિબંધ યોગ્ય જ નથી



ગાંધીનગર, તા.૦૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આજે કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રીઓ સદાનંદ ગૌડા અને કે એસ ઈશ્વરપ્પાના નેતૃત્વમાં સીએએમપીસીઓ કંપનીના પ્રેસીડેન્ટ કોનકોડી પદ્દમનાભ અને અન્ય આગેવાનોનું પ્રતિનિધિમંડળ ગાંધીનગરમાં મળ્યું હતું અને સોપારી ઉપરના પ્રતિબંધ મૂકવાના મહારાષ્ટ્ર શાસનના આદેશની સામે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિતના રાજયોએ 'ગુટખા' ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો કર્યો છે, તે સ્વાસ્થ્યના હિતમાં આવકાર્ય છે પરંતુ, સોપારીનો અન્ય વપરાશ હોવાથી તેના ઉપર પ્રતિબંધ મૂકવાનું વાજબી નથી અને ગુજરાત સરકાર સોપારી ઉપર પ્રતિબંધ મૂકે નહીં અને સોપારી પકવતા ખેડૂતોના વ્યાપક હિતોને ધ્યાન રાખશે એવી વિનંતી કરી હતી. મુખ્યમંત્રીએ કર્ણાટકના આ પ્રતિનિધિમંડળની રજૂઆતો સાંભળી હતી અને જણાવ્યું હતું કે, ગુજરાત સહિત ભારતીય સમાજોમાં સોપારી મહદ્અંશે પૂજાપાઠની વિધિઓમાં વપરાય છે તેથી સોપારી ઉપર પ્રતિબંધ મૂકવાનું રાજય વિચારતું નથી અને હિતાવહ પણ નથી. કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રીઓ અને ડેલીગેશને મુખ્યમંત્રીના આ અભિગમને આવકાર્યો હતો.

## ખેડબ્રહ્માના ઈન્દિરાનગરમાં ધમધમી રહેલા દારૂના અડ્ડા પ્રજામાં રોષ

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા ઈન્દિરાનગરમાં દારૂની બદીએ માજા મુકતા અને લોકો દારૂડીયાઓની હરકતોથી બાજ આવી જતા દૂધની જેમ વેચાતા દારૂના અડ્ડા બંધ કરાવવા આ વિસ્તારના રહીશોએ મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં લેખિત રજૂઆત કરી છે. જો દારૂના અડ્ડા બંધ ના થય તો લોકો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્માના ઈન્દિરાનગર વિસ્તારમાં દેશી દારૂના અડ્ડા બંધ કરાવવા ૧૩ જુલાઈના રોજ અહીના રહીશોએ મામલતદારનો દરવાજો ખટખટાવ્યો હતો. આ વિસ્તારમાં રહેતા વસાવા નવનીતભાઈ તેમજ લાલભાઈ છડેચોક દૂધના વેપારની જેમ જ દેશી દારૂનો વેપલો કરે છે. આ બાબતની જાણ કલેક્ટર સહિત અન્ય અધિકારીઓને કરી છે અને દારૂનો અડ્ડો બંધ નહી થાય તો લોકો ગાંધી ચિંધ્યા માર્ગે જવાબની ધમકી ઉચ્ચારી છે. આ બાબતે ખેડબ્રહ્મા પી.એસ.આઈ.એ ગેરકાયદેસર ચાલતા દેશી-વિદેશી દારૂના અડ્ડા પર કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ તેમ છતાં આ સંદર્ભે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને બદી દૂર કરવા માંગણી કરી રહ્યા છે.

# ઓવર બ્રીજ પર કામ કરતા બાળ મજૂરોને મુક્ત કરાયા

## ઓવરબ્રીજ પરથી ૨, વડાપાઉંની લારી પરથી ૨ અને સમોસાની લારી પરથી ૧ બાળક મુક્ત કરાયો

પાલનપુર, તા. ૬

પાલનપુર શહેરથી અમદાવાદ હાઈવે પર ઓવરબ્રીજનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે બાળ સુરક્ષા કર્મીઓએ બાતમીના આધારે બ્રીજ પર કાળી મજુરી કરતા બાળ મજૂરોને કાયદાની રુહે મુક્ત કરાવી સઘન કામગીરી આરંભી છે.

ગરીબ અને પછાત વર્ગના બાળકો શિક્ષણ અને સુવિધાઓના અભાવે કાળી મજૂરી તરફ ફંટાય છે. અભણ વાલીઓ રાત દિવસ મજૂરી કરી રોજે રોજનું રળતા હોય છે અને ખાધા ભેગા થતા હોય છે. આવા સંજોગોમાં બાળકોને પણ અભણ તથા અબુધ વાલીઓ કામ કરવા મોકલે છે. આવો જ કિસ્સો પાલનપુર શહેરના ઓવરબ્રીજ પર કામ કરતા બાળ મજૂરોનો બન્યો છે. સ્થાનિકજનોની નજરે વારંવાર બાળ મજૂરો આવતા તેઓ આઘાત અનુભવતા હતા. એક સજ્જન દ્વારા બાળ સુરક્ષામાં આ બાબતે ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદને ધ્યાને લઈ સઘન તપાસ હાથ ધરવામાં આવી અને શહેરમાં ચાલતા બેફામ ખાણીપીણી બજારોમાં અને મોટા ધંધામાં કામ કરતા બાળકોને મુક્ત કરવામાં આવ્યા હતા અને મજૂરી કામ છોડાવી પુરતી પોષણ અને શિક્ષણ આપતા બાળ સુરક્ષા વિભાગમાં મોકલી આપ્યા હતા.

બાળકોને ઓછુ વેતન આપી કામ કરાવતા ધંધાદારીઓ સામેની ફરિયાદને ધ્યાને લઈ એન.વી. મેણાતની આગેવાની હેઠળ ટી.એ. ઠાકોર, આર.સી. પાતાલીયા અને એમ.એમ. પંડ્યાની ટીમે પાંચ બાળ મજૂરોને મુક્ત કરાવ્યા. પાલનપુર હાઈવે પરથી જય ભવાની વડાપાંઉની લારી પરથી બે બાળકોને, ઓવરબ્રીજ પર કામ કરતા બે બાળકોને અને ચેતક સમોસાની લારી પરથી એક બાળકને મુક્ત કરાવ્યા હતા. અને બાળ સુરક્ષા વિભાગમાં મોકલી આપ્યા હતા.

## ડીસાના મુડેઠા ગામે એસ.ટી. બસો દોડાવવા લોકોની માંગ

ડીસા, તા. ૬

ડીસા તાલુકાના મુડેઠા ગામે એસ.ટી. બસો હાઈ-વે પુલ ઉપરથી બારોબાર નીકળી જતી હોઈ ગામના મુસાફરો તથા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આથી તમામ એસ.ટી. બસો સર્વિસ રોડ ઉપર દોડાવવા માંગ ઉઠવા પામી છે.

ડીસા-રાધનપુર નેશનલ હાઈવે ઉપર આવેલ મુઠેડા ગામે હાઈવે ઓથોરીટી દ્વારા પુલ બનાવવામાં આવ્યો છે ત્યારે મુઠેડા ગામે ઉભી રહેતી તમામ બસો હવે પુલની બંને બાજુએ આવેલા સર્વિસ રોડના બદલે બારોબાર હાઈ-વે ઉપરથી નિકળી જતી હોઈ વિદ્યાર્થીઓ તથા મુસાફરો રઝળી પડતા હોય છે. તેઓને ના છૂટકે જીવતા જોખમે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે. એસ.ટી. બસ પકડવા મુસાફરો વિદ્યાર્થીઓને પુલ ઉપર આવવું પડે છે. આથી ડીસા, દિયોદર, રાધનપુર ડેપો ઉપર દોડાવવા એસ.ટી. વિભાગ દ્વારા સુચન કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.




હર હર મહાદેવ - મહાદેવની પૂજાનો પાવન મહિનો એટલે શ્રાવણ મહિનો... આજથી શ્રાવણનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે શીવાલયો શણગારાયા છે... આખા મહિના દરમિયાન મહાદેવના જલાભિષેક થશે, બિલીપત્ર ચડાવાશે અને ૐ નમઃ શિવાયના નિરંતર જાપ ચાલશે... ગામે ગામ શિવમંદિરોમાં ભક્તિનો અનન્ય માહોલ જામશે. સમગ્ર શ્રાવણ મહિનો મહાદેવની પૂજા-પાઠ માટેનો મહિમા ધરાવતો મંગલ મહિનો છે.

## ફાયરીંગ-પથ્થર મારામાં એકનું મોત, ૧૦ને ઈજા

# વિરમગામમાં ભડાણા ગામમાં છેડતીના મુદ્દે બે જૂથ સામસામે

### બે સમુદાયોના લોકો આમને સામને આવી જતા મામલો બિચક્યો : ભારે તંગદિલી ફેલાઈ : પોલીસ કાફલો પહોંચ્યો

અમદાવાદ, તા.૦૬

વિરમગામ તાલુકાના ભડાણા ગામે આજે સવારે છોકરીની છેડતી મુદ્દે ભરવાડ અને ઠાકોર કોમના જૂથો એકબીજાની સામ-સામે આવી ગયા હતા અને મામલો બિચકતા ભરવાડ જૂથ તરફથી ખાનગી ફાયરીંગ કરવામાં આવ્યું હતું. જેમાં એક મહિલાનું મોત નિપજ્યું હતું. ત્યારે સામે પક્ષે ઠાકોર જૂથ તરફથી ભારે પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેમાં ૧૦ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. આ બનાવથી નાના એવા ગામમાં ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. આ અંગે પોલીસને જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિને કાબુમાં લેવા પ્રયત્ન હાથ ધર્યા હતા. આ બનાવ બાદ ઠાકોર જૂથ તરફથી ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

માંડલ પાસેના ભડાણા ગામે આજે સવારે સાતેક વાગ્યાની આસપાસ પ્રાથમિક શાળાના ચોક પાસે છોકરીની છેડતી મામલે ભરવાડ તેમજ ઠાકોર જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મામલો વધુ ઉગ્ર બનતા બંને જૂથના સભ્યો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતા. જ્યાં ભરવાડ જૂથના એક વ્યક્તિએ બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેમાં એક મહિલાને ગોળી વાગતા તેનું મોત નીપજ્યું હતું. બીજી તરફ ઠાકોર જૂથ તરફથી પથ્થરમારો કરાતા ૧૦ વ્યક્તિઓને નાની-મોટી ઈજા થઈ હતી. ઈજા પામેલ વ્યક્તિઓને ગાંધી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટના બાદ સમગ્ર પંથકમાં ગભરાટની લાગણી જોવા મળી હતી. તેમજ તંગદિલીભરી પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, બે દિવસ અગાઉ એક છોકરીની છેડતી થઈ હતી. ત્યારબાદ પરિસ્થિતિ વણસી જતા બંને જૂથના સભ્યો સામ-સામે આવી ગયા હતા.

## ઉભેલી ગાડીના કાચ તોડીને ૪.૫ લાખની ઉઠાંતરી થઈ

અમદાવાદ, તા.૦૬

શહેરમાં દિવસે-દિવસે ઘરફોડ, લૂંટ, છેતરપિંડી જેવા બનાવો ક્રમશઃ વધી રહ્યા છે ત્યારે શાહીબાગ વિસ્તારમાં ગત મોડી સાંજે સ્વામિનારાયણ મંદિર પાસેના રોડ પર ઊભેલી કારના કાચ તોડીને ૪.૫ લાખ પૈસાની બેગની ઉઠાંતરી કરીને તસ્કર ફરાર થઈ ગયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. કાર ચાલક કોઈ કારણસર સામેના કોમ્પલેક્સમાં ગયા હતા ત્યારે ગાડીમાં પૈસા ભરેલી કાળી બેગ અજાણ્યા શખ્સ ઉઠાવી જતાં ચકચાર મચી જવા પામી છે. ઘટના અંગેની જાણ માધુપુરા પોલીસને કરાતા બનાવનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. શહેરના મેઘાણીનગર વિસ્તારના પૂર્ણકુંજ સોસાયટી વિભાગ-૧માં રહેતા રાજકુમાર દયારામ બોલીયન (ઉ.૪૨) ગત મોડી સાંજે તેમની સિક્યુરીટી કંપનીના માણસોના પગાર ચુકવવા માટે જઈ રહ્યા હતા. તેના અંતર્ગત પોતાની કારમાં કાળા કલરની બેગમાં ૪ લાખ ૫૫ હજારની રકમ મુકી તેઓ સ્વામીનારાયણ મંદિરની સામેના કોમ્પલેક્સમાં ઓફિસ જોવા ગયા હતા. ત્યારે એકાએક અજાણ્યા શખ્સે ગાડીના કાચ તોડીને ૪.૫ લાખ ભરેલી બેગ ઉઠાવી ગયા હતા. પરત ફરેલા રાજકુમાર ભાઈએ પોતાની કારનો કાચ તૂટેલો જોઈ અને પૈસા ભરેલ કાળી બેગ ન દેખાતા તેમના હોશકોશ ઉડી ગયા હતા. બનાવ અંગેની જાણ તેમણે તાત્કાલિક માધવપુરા પોલીસને જાણ કરી હતી. પોલીસ અધિકારીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાંડેની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દીધી


અમદાવાદ, તા.૦૬

રાજ્ય સહિત દેશભરમાં ચકચાર જગાનાર ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા આઈપીએસ ઓફિસર પી.પી. પાંડેની આગોતરા જામીનની અરજી અને પાંડે દ્વારા દાખલ બે દિવસ સુધી પોતાની ધરપકડ ન કરવા અંગેની અરજી કોર્ટે ફગાવી દીધી છે. હવે આગામી સમયમાં પી પી પાંડેની ધરપકડ થાય તેવા એંધાણ દેખાઈ રહ્યા છે.

ઈશરત કેસમાં વચગાળાના આગોતરા જામીન ઉપર મુક્ત કરાયેલા ગુજરાત પોલીસના આઈપીએસ અધિકારી પી.પી. પાંડેની આગોતરા જામીન અરજીમાં બંને પક્ષો વચ્ચે ધારદાર દલીલો થઈ હતી જેમાં સીબીઆઈના વકીલે દલીલો કરતા જણાવ્યું હતું કે આ કેસમાં અમે અમારી મરજી મુજબ તપાસ કરી નથી પરંતુ અમે ગુજરાત હાઈકોર્ટના દિશાનિદેશ આદેશ અનુસાર તપાસ કરી રહ્યા છીએ. પી.પી. પાંડે આટલા સમયથી નાસતા ફરતા હતા તેમને તપાસમાં સહકાર આપ્યો નથી. ઉપરાંત જો પાંડેને આગોતરા જામીન મળી જશે તો આ કેસ રફેદફે થઈ જવાની સંભાવના છે.

બીજી તરફ પાંડેના વકીલે એવી દલીલ કરી હતી કે જો સીબીઆઈ ઉચ્ચ પોલીસ અધિકારીની આ રીતે ધરપકડ કરવામાં આવશે તો પોલીસનું મોરલ ડાઉન થઈ શકે છે. ગુજરાતના પોલીસ અધિકારીઓને બદનામ કરવા સીબીઆઈનું આ એક કાવતરું લાગે છે. ઉપરાંત પી.પી. પાંડે આ અગાઉ નિવેદન આપી ચૂક્યા છે તેથી તેમની ધરપકડની જરૂર નથી. તેથી તેમને આગોતરા જામીન આપવા જોઈએ. બંને પક્ષોની કોર્ટે દલીલો સાંભળી પી પી પાંડેની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે. ઉપરાંત પાંડે દ્વારા દાખલ પોતાની બે દિવસ સુધી ધરપકડ ન કરવા અંગેની અરજી પણ કોર્ટે ફગાવી દીધી છે.

## શબ્દાવલી - ૫૧૪૨



### આડી ચાવી

- ૧. ટોળેટોળા ઉમટવા (૩)
- ૩. શ્રીરામના તેજસ્વી બાળકો (૨)
- ૬. ... થી ચાલું, ફરીથી શરૂ કરવું (૪)
- ૭. પાણીની પખાલ (૩)
- ૮. રખડ્યા કરતું હોય તેવું (૩)
- ૧૦. ચોકલેટમાં વપરાતો એક પાડકર (૨)
- ૧૧. ઘોડો (૩)
- ૧૪. ઈચ્છા (૩)
- ૧૬. ઘડો, બેડુ (૩)
- ૧૭. એક પ્રકારનું લીસું કાપડ (૩)
- ૧૮. ધૂળના નાના કણો (૩)
- ૧૯. જમીનનો માલિક (૫)

### ઊભી ચાવી

- ૧. ખુબ વેગથી આવતું (૫)
- ૨. ભપકો, ઠસ્સો (૩)
- ૩. લીટી ભેગો, ... મોટો લીટો (૪)
- ૪. મીઠાઈ પર ચાંદીનો... લગાવાય (૩)
- ૫. કંતાન... માંથી બને (૨)
- ૯. ભુંડ જેવું પ્રાણી (૩)
- ૧૨. રંગ કરનારો (૩)
- ૧૩. આકાશ, નભ (૩)
- ૧૪. ધીરધારનો ધંધો કરનાર (૪)
- ૧૫. સમારકામ, મંદિરના... (૪)
- ૧૭. પ્રતિષ્ઠા (૨)
- ૧૮. પત્તાની એક રમત (૨)

### શબ્દાવલી ૫૧૪૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) કબીરવડ (૪) આકા (૬) ન્યાલ (૭) કાળજુ (૮) સંકલન (૯) નમસ્કાર (૧૧) સલામ (૧૪) વાર (૧૬) નત (૧૭) ખાલી (૧૮) તાજ (૧૯) તલ (૨૦) દાનવીર (૨૨) લીલામ (૨૩) જગત

**ઊભી ચાવી :-** (૧) કન્યાદાન (૨) બીલ (૩) વણકર (૪) આળ (૫) કાજુ (૭) કાનસ (૮) સંસ્કાર (૧૦) મવાલી (૧૨) લાનત (૧૩) મતલબી (૧૫) ગાજવીજ (૧૭) ખાટલી (૧૮) તાન (૨૦) દામ (૨૧) રગ

## ધનસુરા કોર્ટના નવિન મકાન માટે સરકારે ૭ કરોડ મંજુર કર્યા

ધનસુરા, તા.૬

ધનસુરા તાલુકાની સેશન કોર્ટ અત્યારે હાલ સરકારી જીનમાં ચાલે છે. કોર્ટ માટેની જગ્યા હાઈસ્કુલની સામેની બાજુએ તંત્ર એ ફાળવી છે. કોર્ટની મંજુરી લાવ્યા પછી પૂર્વ ધારાસભ્ય દીલીપસિંહ પરમાર દ્વારા નવીન કોર્ટ સંકુલ બનાવવા અનેકવખત રજુઆતો કરવામાં આવતા સરકાર તરફથી ૭ કરોડ રૂપિયા નવિન મકાન માટે મંજુર કરવામાં આવ્યા છે. આ સમાચારને પગલે ધનસુરા વાસીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

## ખેમાણા પાટીયા પાસે કારની ટક્કરે માસૂમ કિશોરનું મોત

પાલનપુર, તા.૬

પાલનપુર-આબુ રોડ પર હાઈ-વે ઉપર આવેલા ખેમાણા પાટીયા નજીક ગત મોડી રાત્રે પુરપાટ ઝડપે દોડી આવતી એક કારની ટક્કરે એક કિશોરનું ઘટના સ્થળે કરુણ મોત નિપજ્યું હતું. આબુરોડ હાઈ-વે પર આવેલા ખેમાણા ગામના પાટીયા નજીક ગત રોજ મોડી રાત્રે બેફામ અને પુરપાટ ઝડપે દોડી આવતી હુંડાઈ કાર નં. જીજે-૧ એજે ૬૩૫૪ના ચાલકે પોતાની કાર ગફલતભરી હંકારી ચેતન હરીભાઈ ભૂલડીયા ઉ.વ.૧૩ને ટકકર મારતા કિશોરનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

## ખોટી વસુલાત બંધ કરવા કોંગ્રેસ દ્વારા ઉગ્ર રજુઆત

ઓક્ટ્રોય નાબુદ થઈ હોવા છતાં આજે પણ રાણીપમાં આવેલી બકરામંડીમાં વેચાતા જાનવર દીઠ રૂા.૮ વસુલ કરવામાં આવતા હોવાથી વિગતો બહાર આવી છે. વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે મ્યુ કમિશનરને પત્ર પાઠવીને જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૯માં ઓક્ટ્રોય નાબુદ કરી દેવામાં આવી છે. તેમ છતાં રાણીપ ખાતે આવેલા બકરામંડીમાં વેચાણ માટે આવતા એક જાનવર દીઠ રૂા.૮ વસુલ કરવામાં આવે છે. તે બકરામંડીમાં મ્યુ.કોર્પો. દ્વારા કોઈ સુવિધા આપવામાં આવતી નથી. તેટલું જ નહીં પણ જાનવરોને પીવાના પાણીની સફાઈ કે રોડ રસ્તા બાબતની સુવિધાનો અભાવ છે અગાઉ રાણીપ નગરપાલિકા દ્વારા આવકના હેતુસર વેરો લેવામાં આવતો હતો હવે ઓક્ટ્રોય નાબુદ થઈ ગઈને ૬ વર્ષ વીતી ગયા હોવાથી કાયાદાનુસાર નાની ગ્રામ પંચાયત કે નગરપાલિકા આ પ્રકારનો કર લઈ શકે પરંતુ મહાનગરપાલિકા દ્વારા આ પ્રકારના કર વસુલાત કરી શકે નહીં ઓક્ટ્રોય નાબુદ થવાને કારણે કાયદામાં પણ આવી કોઈ જોગવાઈ નથી ઢોરના વેચાણ પર થતી કાર વસુલાત નિયમ વિરુદ્ધ છે બકરામંડીમાંથી કર વસુલાત કયા કારણોસર બંધ ના કરવામાં આવી તે તપાસનો વિષય બની જાય છે. તે અંગે ૬ વર્ષ વીતી જવા છતાં હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી જેથી તાકીદે નિર્ણય લઈ આ કર વસુલાત બંધ કરી દેવા યોગ્ય કાર્યવાહી થવા મ્યુ.કમિશનરે પત્ર લખી માંગણી કરી છે.

## શીખ ખેડૂત પ્રશ્ને બાદલના વલણથી મોઢવાડીયા દુઃખી

કચ્છમાં વસતા શીખ સમુદાયને વર્ષો અગાઉ ફાળવવામાં આવેલી જમીન રાજ્ય સરકાર દ્વારા ખાલસા કરવામાં આવી હોવાનો વિવાદ હવે ભારે રાજકીય રંગ પકડતો જાય છે. ભાજપ અને કોંગ્રેસના પરસ્પર આક્ષેપ-પ્રતિ આક્ષેપ બાદ હવે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ પંજાબના મુખ્યમંત્રી પ્રકાશ સીંગ બાદલને પત્ર લખી તેમના વલણ પ્રત્યે ભારે દુઃખ વ્યક્ત કર્યું છે અને તેઓ ગુજરાતના શીખ ખેડૂતોની તરફદારી કરવાને બદલે ગુજરાતના મુખ્યમંત્રીનો બચાવ કરી જુઠું બોલ્યા હોવાથી માત્ર શીખ ખેડૂતોને જ નહિ પરંતુ તમામ વર્ગના ખેડૂતોને અને વિશ્વભરમાં વસતા પંજાબીઓ અને શીખ સમુદાયને આઘાત પહોંચ્યો હોવાનું પત્રમાં જણાવ્યુંછે. જ્યારે બીજી તરફ તેમણે પત્રકારો સમક્ષ ગુજરાતના મુખ્યમંત્રીને પણ અપીલ કરતાં જણાવ્યું હતું કે, કચ્છના શીખ ખેડૂતોની જમીન ખાલસા કરવા સામે ગુજરાત હાઈકોર્ટે આપેલો મનાઈ હુકમ સામે રાજ્ય સરકારે સુપ્રિમકોર્ટમાં જે અપીલ કરી છે તે કચ્છમાં વસતા શીખ ખેડૂતોના હીતમાં તાત્કાલિક પાછી ખેંચી લઈ પોતાની નિર્દોષતાનું પ્રમાણ આપવું જોઈએ.

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસીંગ બાદલને લખેલા પત્રમાં વધુમાં જણાવ્યું છે કે, ગુજરાતના અમારા મુખ્યમંત્રીને તો અસત્ય અને અર્ધસત્ય બોલવાની આદત છે. આપ તો દેશના સૌથી સીનીયર મુખ્યમંત્રી છો અને પંજાબી અને શીખ સમુદાયના હિતોની રખેવાળીનો દાવો કરો છો, ત્યારે આપે ગુજરાતના શીખ ખેડૂતોની તરફદારી કરવાને બદલે મુખ્યમંત્રીનો બચાવ કર્યો અને આપ પણ જુઠ્ઠુ બોલ્યા તેમનું ગુજરાતના માત્ર શીખ સમુદાયના ખેડૂતોને જ નહીં પરંતુ તમામ વર્ગના ખેડૂતો અને દુનિયાના પંજાબીઓ અને શીખ સમુદાયને આઘાત પહોંચ્યો છે.

## વડાલીમાં બે મંદિરના તાળા તુટ્યા

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના વડાલીથી ખેડબ્રહ્મા માર્ગ પર આવેલા ભગીરથ દાદા અને હનુમાનદાદાનું એમ બે મંદિરોમાં શનિવારે રાત્રીના સમયે તસ્કરોએ ત્રાટકીને ભગીરથ દાદાના મંદિરનું તાળુ તોડી અંદરથી દાનપેટીમાંથી રૂ. ૬ હજારની રોકડ તથા તેની બાજુમાં આવેલ હનુમાન મંદિરના દરવાજા તોડી દાનપેટીમાંથી રોકડ રૂ. ૯ હજાર મળી કુલ રૂ. ૧૫ હજારની ચોરી કરી લઈ ગયેલા હોવાની માહિતી વડાલી પોલીસમથકે હીરાભાઈ પુજાભાઈ સગરે નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નંબરની પ્લેટ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રો પણ ખાસ લખી અને દર્શાવવામાં આવશે.

રાજ્ય સરકારે જળસંચયને અગ્રતા આપી હોવાથી તેમજ આરોગ્ય વિષયક જનજાગૃતિ વધે તે હેતુથી સૂત્રો પ્લેટમાં રાખવામાં આવશે.

એક એવી પણ હકીકત જાણવા મળી છે કે રાજ્યમાં પાણીનો સૌથી વધુ વેડફાટ ગાંધીનગરમાં નોંધાયો છે તેવુ પાણી પુરવઠા વિભાગના એક અભ્યાસમાં બહાર આવ્યું છે. રાજ્ય સરકારે આમ તો પાણી માટે મીટર પ્રથા અપનાવવાની હિમાયત કરી તે વિકલ્પ પર વિચારણા પણ હાથ ધરી છે પરંતુ ટુંકમાં જ આ સેવાઓ કોર્પોરેશન હસ્તક જવાની હોવાથી તંત્રએ પાણી પહેલાં પાળ બાંધી અને પાણી-ઊર્જા બચતના સૂત્રની પસંદગી કરી છે.

### મોનીટરીંગ માટે

● અનુસંધાન પહેલાનું ચાલે

વિકાસની અન્ય કામગીરીનું પણ અસરકારક મોનીટરીંગ થાય તે હેતુથી આ નવી જગ્યા ઉભી કરી છે.

હાલ જે જિલ્લાઓમાં શહેરી વિકાસની ગ્રાન્ટના કામો મોટી સંખ્યામાં સ્વીસ ઓવર થયેલા છે તેવા જિલ્લાઓમાં જ ઉભી કરાઈ છે. આગામી દિવસોમાં તમામ જિલ્લાઓમાં આ કેડર ઉભી કરવામાં આવશે.

શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં સંતુલિત વિકાસ થાય તેમજ ગામડાઓ તુટતા અટકે તે હેતુ પણ આમાં સમાયેલો છે કારણ કે કલેક્ટર પર કાર્યભારણ હળવુ થશે.

### નિદાન કેમ્પ યોજાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કેમ્પના સફળ આયોજનમાં ફિમેલ હેલ્થવર્કર ઝાંઝકિયા બહેન, એમ.પી.એચ.એસ. શ્રી પ્રવિણભાઈ લિમ્બાચિયા તેમજ આશા કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. અધિકારીઓની મહિલાઓએ આ બીજીવાર ઝુંડાલ ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કર્યું છે. આજે આ સેવાયજ્ઞમાં ૧૫૨ જેટલા દર્દીઓનું રેન્ડમ બ્લડ સુગરના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૪ જેટલા દર્દીઓમાં બ્લડ સુગર વધુ પ્રમાણમાં જણાયું હતું.

### ધંધો અસ્તવ્યસ્ત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરે છે. પરંતુ પોલીસ તંત્ર દ્વારા જ્યારે પણ મુખ્યમંત્રી આ માર્ગ પરથી પસાર થવાના હોય ત્યારે લારીઓ ખસેડી દેવામાં આવે છે. મુખ્યમંત્રી આ માર્ગ પરથી જ મોટેભાગે પસાર થતા હોવાથી આ લોકો માટે મુસીબત સમાન બની જાય છે. શુ મુખ્યમંત્રીશ્રીને મકાઈ ડોડાનું વેચાણ કરતા આ નાના વેપારીઓથી પણ ભય છે ? જ્યારે આ વેપારીઓના નામ-ઠામવાળુ લીસ્ટ પોલીસતંત્ર પાસે પણ છે. તેમજ પોલીસની કામગીરીમાં આ લોકો મદદરૂપ પણ થતા હોય છે. છતાંય પોલીસ દ્વારા થતી રોજ-બરોજની આ હેરાનગતિથી આ નાના લારીધારકો કંટાળી ગયા છે. વળી પાછા પોતાના મુળ વેપાર ધંધા તરફ વળી જાય તે પહેલા આનો યોગ્ય ઉપાય લાવવો જરૂરી બની ગયો છે.